પાનસર અને નારદીપુર ગામના તળાવના બ્યુટિફિકેશનની કામગીરીની મુલાકાત લેતા જિલ્લા કલેકટર કુલદીપ આર્ય

ગ્રામજનોને તળાવ પોતાના ગામનું છે, તળાવનો વિકાસ થાય છે. ગ્રામજનો માટે થઇ રહ્યો છે. તેવો ભાવ પેદા થવો ખૂબ જરૂરી છે

ગાંધીનગર, તા. ૧૮

ગ્રામજનોને તળાવ પોતાના ગામનું છે, તળાવનો વિકાસ થાય છે. ગ્રામજનો માટે થઈ રહ્યો છે. તેવો ભાવ પેદા થવો ખૂબ જરૂરી છે, તેવું આજરોજ કલોલ તાલુકાના નારદીપુર અને પાનસર ગામના તળાવના બ્યુટિફિકેશન કામની રૂબરૂ મુલાકાત દરમ્યાન ગ્રામજનોને જિલ્લા કલેકટર શ્રી ડા. કુલદીપ આર્યએ જણાવ્યું હતું. નારદપુર ગામના તળાવના બ્યુટિફિકેશન કામની મુલાકાત દરમ્યાન જિલ્લા કલેકટર શ્રી ડા. કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે, બન્ને ગામના તળાવની આસપાસ વધુમાં વધુ વૃક્ષાનું વાવેતર થાય તે ખૂબ જરૂરી છે. નારદીપુર ગામના તળાવના વિકાસ કામની માહિતી આપતાં ઈજનેરશ્રીએ જણાવ્યું હતું કે, આ તળાવની આસપાસ એક હજાર વૃક્ષો વાવવામાં આવશે. તેમજ તળાવના સ્થળ પર આવવા માટે બે પ્રવેશ હશે, બન્ને જગ્યાએ પાર્કિંગની સુવિધા હશે. તેમજ ફૂડ કોર્ટ, પીવાના પાણી અને શૌચાલયની પણ સુવિધા કરવામાં આવશે. આ તળાવ નજીક આવતા જ કુદરતી સૌદર્યની અનુભૂતિ સરળતાથી નાગરિકો કરી શકશે. તેમજ નાના-મોટા ફૂલ છોડનું વાવેતર કરવામાં આવશે. ગામના વડીલોને ચાલવા માટે ફૂટ વે અને બેઠક વ્યવસ્થા પણ કરવામાં આવશે. તેમજ બાળકો માટે રમતગમતના સાધનો અને કસરત કરી શકાય તેવા સાધનો પણ મુકવામાં આવ્યા છે. જેમાંથી અમુક સાધનો લગાવી દેવામાં આવ્યા છે. અત્યારે હાલ પણ સાંજ પડતા ગામના બાળકો રમવા આવી રહ્યા છે. પાનસર ગામના તળાવની આસપાસ ગંદકી અને કચરો પડેલો જોઈને કલેકટરશ્રીએ ગામના સરપંચશ્રી અને ગામના વડીલોને અહીં કચરો ન નાખાય તેનું ખાસ ધ્યાન રાખવા અનુરોધ કર્યો હતો. તેમજ ઢોર ઢાખરની અવરજવર કામ ચાલું છે, ત્યાંથી ન થાય તે વાત પર પણ ભાર મુક્યો હતો. ગ્રામજનોએ આ પ્રકારની પ્રવૃત્તિ નહિ થાય તેની ખાત્રી ગ્રામજનોને આપી હતી. તળાવના વિકાસ કામમાં અન્ય શું કરવા જેવું છે ? તેવા કલેકટરશ્રીના પ્રશ્નના જવાબમાં ગ્રામજનોએ જણાવ્યું હતું કે, તળાવના વિકાસ કામને સરળતાથી કરી શકાય તે માટે પ્રથમ ફેન્સીંગ કરવું ખૂબ જરૂરી છે. આ વાતને ધ્યાને લઈ કલેકટરશ્રીએ કામ કરતી એજન્સીને મજબૂત અને ધ્યાનકર્ષિત ફેન્સીંગ બનાવવાની સૂચના આપી હતી. તેમજ તળાવની એક સાઈડથી વીજલાઈનના થાંભલા પસાર થતા હોવાથી ત્યાંથી ખેસડવા માટે પણ જરૂરી કાર્યવાહી કરવા સ્થાનિક તંત્રને સૂચના આપી હતી. બન્ને ગામના તળાવની મુલાકાત દરમિયાન કલોલ પ્રાંત અધિકારી શ્રી કિંજલબા વાઘેલા, મામલતદારશ્રી, બન્ને ગામના સરપંચ અને સંબંધિત એજન્સીના ઈજનેર ઉપસ્થિત રહ્યા હતા.

વંદે ગુજરાત વિકાસ યાત્રા અંતર્ગત લોક ડાયરો યોજાયો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લામાં વંદે ગુજરાત વિકાસ યાત્રા અંતર્ગત ગત તા.૧૬મી જુલાઈ, શનિવારના રોજ માણસા નગર સેવા સદન ખાતે જિલ્લા યુવા વિકાસ અધિકારી તથા 'કોસમોસ ક્રિએશન ફાઉન્ડેશન'ના સંયુક્ત ઉપક્રમે સાંસ્કૃતિક કાર્યક્રમના ભાગરૂપે લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. લોક ડાયરામાં માણસા નગરના રહીશો તેમજ માણસા નગરપાલિકાના પ્રમુખ કૈલાસબેન વી. પટેલ, કારોબારી ચેરમેન રાજુજી ઠાકોર, ઉપ-પ્રમુખ બાબુજી ઠાકોર, માણસા નાગરિક બેંકના ચેરમેન ગોવિંદભાઈ એ. પટેલ, નગરપાલિકાની વોટર વર્કસ કમિટીના ચેરમેન દેવેન્દ્રસિંહ વી. રાઓલ અને ચીફ ઓફિસર સતીશ એન. પટેલ ઉપરાંત આંગણવાડીની કાર્યકર બહેનો, ગાંધીનગર જિલ્લા પંચાયતની આયુર્વેદ શાખના સ્ટાફ મિત્રો ઉપસ્થિત રહ્યાં હતા. લોક ડાયરામાં "કોસમોસ ક્રિએશન ફાઉન્ડેશન"ના પ્રમુખ રતનસિંહ વાઘેલા તથા તેમના સાથી લોકડાયરાના કલાકારો જ્યોત્સનાબા ડાભી, કમલેશભાઈ સોલંકી, બાબુભાઈ દીનાજી ઝાલા, મુકેશભાઈ બેન્જો માસ્ટર, જીતેન્દ્રસિંહ ડાભી તથા એન.સી.ચૌહાણ વગેરેએ ઉપસ્થિત રહીશોને આ સંગીતમય સાંસ્કૃતિક ડાયરાની મોજ કરાવી હતી.

પારસા પ્રાથમિક શાળાનો જન્મ દિવસ ઉજવવામાં આવ્યો....

ગાંધીનગર, તા. ૧૮

આજ રોજ તા ૧૮/૦૭/૨૦૨૨ ના રોજ પારસા પ્રાથમિક શાળામાં ૧૧૬ મો સ્થાપના (જન્મ દિવસ) ની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી માન. અર્ચનાબેન પ્રજાપતિ,મામલતદાર સાહેબ માણસા ડૉ. વિશાલભાઈ પટેલ તથા માણસા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી માન. નિરુબેન પટેલ ઉપસ્થિતિમાં શાળાનો જન્મ દિવસ ઉજવવામાં આવ્યો જેમાં નવીનીકરણ કરેલ રૂમનું ઉદ્ઘાટન, શાળાની ભૌતિક જરૂરિયાતો જેવી કે ચાર વર્ગખંડ,અન્ય જરૂરિયાતો જેવીકે પાણીની પરબ,કોમ્પ્યુટર લેબનું ફર્નીચર, પ્રયોગશાળાનું ફર્નિચર ,સાઉન્ડ સીસ્ટમ અને શાળાની અન્ય નાની જરૂરિયાતો માટે શાળા વિકાસમાં સહયોગી દાતાશ્રીઓ નું સન્માન પણ કરવામાં આવ્યું.જેમાં ૪૫૦૦૦૦૦/- પિસ્તાલીસ લાખ જેટલો લોક સહયોગ મળ્યો.. બીજું કે આજના દિવસે બ્લડ ડોનેશન કેમ્પનું પણ આયોજન કરવામાં આવેલ હતું જેમાં ૩૫ જેટલી બોટલ લોહી એકત્ર કરવામાં આવ્યું હતું

સાયન્સ પ્રવાહના વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ રીસર્ચના સહયોગથી સાયન્સ સિટી ખાતે આગામી તા. ૨૧ જુલાઈના ગુરુવારના રોજ સવારે ૯:૩૦ વાગ્યે સાયન્સ પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને ઉચ્ચસ્તરના વિજ્ઞાનીઓ સાથે સંવાદ કરવાનો તથા લાઈવ લેબ એક્સપેરિમેંટ કરવાની તક મળશે. વધુમાં વિદ્યાર્થીઓની નીટ પછીના નોન-મેડિકલ અભ્યાસક્રમો વિશે માર્ગદર્શન આપવામાં આવશે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓને સાયન્સ ક્ષેત્રે ઉચ્ચ શિક્ષણમાં રહેલી તકો વિષે સજાગ કરવાનો છે. આ કાર્યક્રમમાં ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ રીસર્ચ યુનિવર્સિટીની વિદ્યાર્થીઓને ગાંધીનગર સ્થિત અધતન લેબોરેટરીઝમાં વિદ્યાર્થીઓને પ્લાઝમા બાયોલોજી, નેનો ટેક્નોલોજી, કોવિડ-૧૯ ડિટેકશન, લાઈવ બેક્ટેરિયા વિગેરે પર લાઈવ ડેમોન્સ્ટ્રેશન જોવા મળશે.

આ કાર્યક્રમમાં પ્રથમ ૧૫૦ વિદ્યાર્થીઓને વહેલા તે પહેલાના ધોરણે તક આપવામાં આવશે.

ભાગ લેનાર વિદ્યાર્થીઓને સ્ટુડન્ટ કીટ, સર્ટિફિકેટ તથા રિફરેશમેંટ આપવામાં આવશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે વિદ્યાર્થીઓએ **http://www.tinyurl.com/IARform12** લિંક પર રજીસ્ટ્રેશન કરાવવાનું છે તેવું સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.

વિકાસની ઝાંખી રજૂ કરતો રથ શહેરના સેક્ટર-૬ અને કોબામાં પહોંચ્યો

ગાંધીનગર, તા. ૧૮

રાજ્ય સરકારના ૨૦ વર્ષ વિશ્વાસ અને ૨૦ વર્ષના વિકાસ વિશે જાણકારી પહોંચાડતો વંદે ગુજરાત વિકાસ રથ આજે સવારે શહેરના વોર્ડ નં-૧૦ના સેક્ટર-૬માં અને સાંજે કોબા ખાતે આવી પહોંચ્યો હતો. રથના આગમન પૂર્વે પ્રભાતફેરી, યોગ, વિવિધ સ્પર્ધા યોજવામાં આવી જેમાં મોટી સંખ્યામાં સ્થાનિકોએ ભાગ લીધો. આ યાત્રા અંતર્ગત બંને સ્થળે વિવધ કેમ્પના આયોજન થકી મા-કાર્ડ, આયુષ્યમાન કાર્ડ તેમજ નિરામય ગુજરાત અંતર્ગત મેડિકલ ચેક અપ, કોરોના વેકસીન, બીપી અને ડાયાબિટીસની ફ્રી તપાસનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેનો સ્થાનિકોએ લાભ લીધો હતો. આ કાર્યક્રમ દરમિયાન વિવિધ યોજનાના લાભાર્થીઓને કીટ અને પ્રમાણપત્ર આપવામાં આવ્યા તેમજ **LED** સ્ક્રીન સાથે તૈયાર કરાયેલા રથના માધ્યમથી ગુજરાતના ૨૦ વર્ષના વિકાસનું નિદર્શન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મહાનુભાવોના વરદહસ્તે વૃક્ષારોપણ કરી પર્યાવરણની જાળવણીના ઉદ્દેશથી રોપા વિતરણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમ દરમિયાન લોક સંગીતના ડાયરાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રસિદ્ધ લોકગાયક ભીખુદાન ગઢવી અને તેમની ટીમ દ્વારા સંગીતના સૂર રેલાવવામાં આવ્યા હતા. ડાયરાનો આનંદ માણવા મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ગાંધીનગર મહાનગરપાલિકાનાં ડે. મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટે. કમિટી ચેરમેન જશવંતભાઈ પટેલ, દંડક તેજલબેન નાયી, વોર્ડ પ્રમુખ મનીષભાઈ પટેલ, સહકારી અગ્રણી ગીતાબેન પટેલ, કોર્પોરેટર્સ મહેન્દ્રભાઈ પટેલ, પોપટસિંહ ગોહિલ, મીરાબેન પટેલ હાજર રહ્યા હતા. કાર્યક્રમના અંતે મહાનુભાવો દ્વારા રથને લીલી ઝંડી આપી રથને આગળ પ્રસ્થાન કરાવ્યું.

સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન ક્ષેત્રે ગુજરાત અગ્રેસર

ગુજરાતમાં ૧૪,૨૦૦થી વધુ સ્ટાર્ટ અપ

ગાંધીનગર, તા. ૧૮

દેશના યુવાનો જોબ સીકર નહી પરંતુ જોબ ગીવર બને તે આશય સાથે શરૂ કરાયેલા સ્ટાર્ટઅપ ઈન્ડિયા કાર્યક્રમને ખુબ જ સારૂ પ્રોત્સાહન મળ્યુ છે. સ્ટાર્ટઅપ ઈન્ડિયા કાર્યક્રમ હેઠળ મળતા પ્રોત્સાહન અને સુવિધાઓના પરિણામે ગુજરાતના યુવાનોમાં નવો જોમ જુસ્સો જોવા મળ્યો છે. સ્ટાર્ટઅપ ઈન્ડિયાની વેબસાઈટ અનુસાર ગુજરાતમાં ૧૪,૨૦૦થી વધુ (૬.૭૦ ટકા) નોંધાયેલા સ્ટાર્ટઅપ છે અને તે દ્વારા ગુજરાતના યુવાનો નવી નવી શોધો દ્વારા નવા ઉદ્યોગો સ્થાપી રહ્યા છે.

યુવાનોને મળતા પ્રોત્સાહન અને પ્રયત્નોને કારણે યુનિકોર્ન સ્ટાર્ટ-અપની સંખ્યામાં ભારત વિશ્વમાં ત્રીજા સ્થાન પર આવ્યું છે. ભારત વિશ્વમાં ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટ-અપ ઇકોસિસ્ટમ બની ગયું છે, જેમાં ૭૨,૦૦૦ થી વધુ માન્ય સ્ટાર્ટ-અપ્સ અને ૧૦૦ થી વધુ યુનિકોર્ન છે.

સ્ટાર્ટઅપ ઈન્ડિયાના સફળ અમલીકરણ માટે ગુજરાતને પ્રાઈમ મિનિસ્ટર એવોર્ડ એનાયત

ગુજરાત સરકારે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના સ્ટાર્ટઅપના આહવાનને આવકારી વર્ષ ૨૦૧૫-૧૬ માં સ્ટાર્ટઅપ પોલિસી બનાવીને સ્ટાર્ટ અપને પ્રોત્સાહન આપવાની શરૂઆત કરી હતી. ગુજરાતમાંથી ૧૮૦ થી વધુ ઇન્ક્યુબેટર/શૈક્ષણિક સંસ્થાઓનું વિશાળ નેટવર્ક હાલમાં ગુજરાતમાં સ્ટાર્ટઅપ્સને સમર્થન આપી રહ્યું છે. આ પહેલોને કારણે, ગુજરાતે સ્ટાર્ટ-અપ ઈન્ડિયા કાર્યક્રમના સફળ અમલીકરણમાં 'પ્રાઈમ મિનિસ્ટર એવોર્ડ ફોર એક્સેલન્સ ઇન પબ્લિક એડમિનિસ્ટ્રેશન ૨૦૧૭' પણ મેળવ્યો છે.

States' Startup Ranking વર્ષ ૨૦૧૯, ૨૦૨૦ અને ૨૦૨૧માં સતત ત્રીજી વખત 'બેસ્ટ પરફોર્મર સ્ટેટ' તરીકે જાહેર થયું છે.

સ્ટાર્ટઅપ્સમાં ૧૫૦ થી વધુ સરકારી અધિકારીઓને સામેલ કરવા માટે ગુજરાત સરકાર દ્વારા લેવામાં આવેલી સંવેદનશીલ પહેલ, તમામ રાજ્ય સમર્થિત ઇન્ક્યુબેટર્સમાંથી ૧૦૦ % તાલીમ, ૩૦૦ થી વધુ સંભવિત ખાનગી રોકાણકારોને સ્ટાર્ટઅપ્સમાં રોકાણ કરવા માટે પ્રોત્સાહન આપવા, સ્ટાર્ટઅપ્સને ફંડિંગ સપોર્ટ પૂરો પાડવા માટે વર્ષ માટે ૨ ફંડ-સ્ટુડન્ટ ઇનોવેશન ફંડ અને **GVFL** સ્ટાર્ટઅપ ફંડ અને નાણાકીય સહાય દ્વારા સમર્થિત ૧૬૦ સ્ટાર્ટઅપ્સને કેન્દ્ર સરકાર દ્વારા ''બેસ્ટ પ્રેક્ટિસિસ'' તરીકે માન્યતા આપવામાં આવી છે.

ગુજરાત સરકાર આત્મનિર્ભર ભારતના વડાપ્રધાનના સંકલ્પને પૂર્ણ કરવા માટે સંપૂર્ણ પ્રતિબદ્ધતા હતો. ઉપરાંત પ્રતિ વર્ષ ઓછામાં ઓછા ૧૦૦૦ વિદ્યાર્થીઓને ઇનોવેશન માટે સપોર્ટ પૂરો પાડવો, ૫ વર્ષમાં ૫૦૦ વિદ્યાર્થી સ્ટાર્ટ અપ્સને સપોર્ટ કરી વિકસિત કરવા અને પોલિસીના સમયગાળામાં રાજ્યની બધી યુનિવર્સિટીઓ અને સંસ્થાઓમાં સંપૂર્ણ વિકસિત ઇનક્યૂબેટર્સ વિકસાવવાનો ઉદ્દેશ્ય હતો.

- **SSIP**ના ૫ વર્ષ (૨૦૧૭-૨૦૨૧)ના અમલીકરણના સમયગાળા દરમિયાન કુલ ગુજરાત સરકાર દ્વારા રૂ. ૯૫ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે. જેમાંથી વર્ષ ૨૦૧૭-૧૮ માં રૂ. ૮,૮૫,૪૦,૪૭૩, વર્ષ ૨૦૧૮-૧૯ માં રૂ. ૨,૫૦,૬૦,૫૬૦, વર્ષ ૨૦૧૯-૨૦માં રૂ. ૧૩,૧૭,૮૨,૯૦૭, વર્ષ ૨૦૨૦-૨૧ માં રૂ. ૨૭,૭૪,૩૨,૮૭૩ અને વર્ષ ૨૦૨૧-૨૨ માં રૂ. ૪,૪૨,૭૬,૦૩૪ એમ કુલ રૂ. ૫૬,૭૦,૯૨,૮૪૭ નો ખર્ચ થયો છે.

- **SSIP** હેઠળ વર્ષ ૨૦૧૭થી અત્યાર સુધી ૧૧૫૬ આઈ.પી.આર. (પેટન્ટ અને કોપીરાઇટ) ફાઇલ કરવામાં આવ્યા છે અને ૨૧૫૪થી વધુ સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ્સનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

- આ સાથે જ ૬૫૧૩થી વધુ વિદ્યાર્થી ટીમોને પ્રોટોટાઈપ્સ વિકસાવવા માટે રૂ. ૨ લાખની મર્યાદામાં ગ્રાન્ટ આપવામાં આવી છે.

- આ ઉપરાંત, **SSIP** પ્રશંસા અંતર્ગત વિવિધ સ્ટાર્ટઅપ્સ સને યુવા ઈનોવેટર્સને વર્ષ ૨૦૧૯ અને ૨૦૨૦માં વિવિધ કેટેગરીમાં રૂ.૨૦ લાખથી વધુના કુલ ૮૪ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.

સ્ટાર્ટઅપ રેન્કિંગમાં ગુજરાત સતત ત્રણ વખત 'બેસ્ટ પરફોર્મર સ્ટેટ' જાહેર

- આ વર્ષની શરૂઆતમાં "સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ્સ એન્ડ ઈનોવેશન પોલિસી ૨.૦ **(SSIP-2.0)**" લોન્ચ કરવામાં આવી છે. આ નીતિમાં રાજ્યની તમામ યુનિવર્સિટીઓમાં સક્રિય ઈનોવેશન અને ઈન્ક્યુબેશન સેન્ટરની સ્થાપના માટેની જોગવાઈઓ છે. આ નીતિનો ઉદ્દેશ્ય ૧,૦૦૦ ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ અને ૧૦,૦૦૦ ઇનોવેશન અને એન્ટરપ્રેન્યોરશિપ શાળાઓમાં ૫૦ લાખ વિદ્યાર્થીઓને આવરી લેવાનો છે. આ નીતિનો હેતુ વિદ્યાર્થીઓ દ્વારા વિકસાવવામાં આવેલા ૧૦,૦૦૦ પ્રૂફ ઓફ કોન્સેપ્ટ્સ અને પ્રોટોટાઈપ્સ તેમજ શાળાના બાળકો દ્વારા વિકસિત કરવામાં આવેલા ૧,૦૦૦ પ્રૂફ ઓફ કોન્સેપ્ટ્સને આર્થિક સહાયતા પૂરી પાડવાનો છે.